જા.નં/જિ.પ્ર.શિ/શિક્ષણ/૧૭/૫૯૦/૧૫
જિલ્લા શિક્ષણ સમિતિ,
જિલ્લા પંચાયત, પાટણ
તારીખઃ ૨૭/૧૧/૨૦૧૫ ,

**પ્રતિ,**
**મુખ્ય શિક્ષકશ્રી,**
**તમામ પ્રાથમિક શાળા**
**જિ.પાટણ**

**વિષયઃ શાળા / શૈક્ષણિક ગુણવત્તા સુધારણા અંગે...**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તાનું સ્તર સુધારણા માટે મુખ્ય શિક્ષકશ્રીએ નીચેની બાબતો પરત્વે કાળજી લેવા જણાવવામાં આવે છે.

૧. શાળાના શિક્ષકો તેઓની સાથે મોબાઈલ ફોન લાવતા હોય તો વર્ગમાં શિક્ષણકાર્યમાં વિક્ષેપ ન થાય તે માટે મોબાઈલ ફોન મુખ્ય શિક્ષક / સ્ટાફ રૂમમાં મુકીને વર્ગમાં જવાનું રહેશે. આ સુચનાનું ચુસ્ત રીતે પાલન થાય તે જોવાનું રહેશે. જો કોઈ શિક્ષક મોબાઈલ ફોન સાથે વર્ગમાં માલુમ પડશે તો શિક્ષક / મુખ્ય શિક્ષક સામે શિસ્ત વિષયક પગલાં લેવામાં આવશે.

૨. મુખ્ય શિક્ષક / ઉ.શિક્ષકશ્રીએ શાળામાં નિયત સમયે શાળામાં પહોંચવાનું તથા નિયત સમય પછી શાળા છોડવાની રહેશે. મુખ્ય શિક્ષકશ્રીએ વહીવટી કામ અર્થે શાળા છોડવાની થાય તો મુવમેન્ટ રજીસ્ટરમાં નોંધ કરીને જ શાળા છોડવાની રહેશે. મુવમેન્ટ રજીસ્ટરમાં નોંધ ન હોય તો બિનઅધિકૃત ગેરહાજરી ગણી શિસ્તવિષયક કાર્યવાહી કરવામાં આવશે.

૩. શાળામાં શિક્ષકો દવારા માસવાર અને તાસના આયોજન મુજબ નિયમિત શૈક્ષણિક કાર્ય થાય તેમજ મુખ્ય શિક્ષક દવારા પણ નિયત થયેલા તાસ લેવાના રહેશે. મુખ્ય શિક્ષકે પણ શૈક્ષણિક કાર્યમાં ઉદાહરણરૂપ કામગીરી બજાવવાની રહેશે તેમજ શિક્ષકો દવારા થતા શૈક્ષણિક કાર્યનું નિરીક્ષણ કરી લોગબુક ભરવાની રહેશે.

૪. દર માસે દરેક વિષયની એક એકમ કસોટી લેવાની રહેશે. એકમ કસોટીમાં બાળકોની લખાણમાં ક્ષતિઓ ધ્યાનપૂર્વક જોવાની રહેશે અને તેને સુધારવાનો પ્રયાસ કરવાનો રહેશે અને માસના અંતે એક વાલી મીટીંગ યોજવાની રહેશે જેમાં બાળકોની ક્ષતિઓની સુધારણા માટે તેમજ બાળકોની નિયમિતતા બાબતે વાલીઓ સાથે સુધારણાલક્ષી ચર્ચા કરવાની રહેશે.

૫. શિષ્યવૃત્તિની રકમ કોઈ બાળકને મળવાની બાકી હોય તો તે પુર્ણ કરવાની રહેશે.

૬. કેટલીક શાળાઓમાં શિક્ષિકાઓ ડ્રેસના પહેરવેશમાં શાળામાં આવતા હોવાનું જણાયેલ છે. શાળામાં બાળકો સમક્ષ શૈક્ષણિક કાર્ય કરવાનું હોય છે અને એક શિક્ષિકાને છાજે તેવા પહેરવેશમાં રહેવું ઉચિત છે. આથી શિક્ષિકાઓએ શાળામાં સાડીના પહેરવેશમાં રહેવું ઉચિત રહેશે. શિક્ષક ભાઈઓએ પણ જીન્સ પેન્ટ કે ટી–શર્ટનો પહેરવેશ બરાબર ગણાશે નહી.

૭. શાળાના મુખ્ય શિક્ષક / શિક્ષકશ્રીએ તેઓની કોઈ રજૂઆત હોય તો પ્રોપર ચેનલ રજૂઆત મોકલવાની રહેશે. અનુભવે જણાયેલ છે કે, માન. શિક્ષણમંત્રીશ્રીના કાર્યાલય અથવા ઉચ્ચ કક્ષાએ બારોબાર સીધી રજૂઆત થતી હોય છે. પ્રોપર ચેનલ રજૂઆત ન હોય તેવા કિસ્સામાં શિસ્ત વિષયક પગલાં લેવાની સૂચના થયેલ છે. જેથી આવી બાબતો ધ્યાને લેવાની રહેશે અન્યથા શિસ્તવિષયક પગલાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

૮. શાળામાં જુદી જુદી પ્રવૃત્તિઓ માટે સમિતિઓ બનાવવાની રહેશે અને શિક્ષકોને આવી સમિતિઓની કામગીરી જવાબદારી સોંપવાની રહેશે. અને મુખ્ય શિક્ષકશ્રીએ માર્ગદર્શક તરીકેની ભૂમિકા ભજવવાની રહેશે.

૯. શાળામાં બાળકોને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તેમજ શાળાના વર્ગખંડો, કંપાઉન્ડ વોલ, સેનીટેશન તેમજ અન્ય જગ્યાએ સંપુર્ણ સ્વચ્છતા જળવાય તે જોવાનું રહેશે.

૧૦. શાળામાં ઉપલબ્ધ તમામ શૈક્ષણિક સામગ્રી, શાળા પુસ્તકાલય, કોમ્પ્યુટર લેબ વિગેરેનો અધતન રીતે રાખવા તેમજ તેના રજીસ્ટર યોગ્ય રીતે નિભાવવા અને તેનો સુચારુ રીતે શૈક્ષણિક હેતુસર ઉપયોગ થાય તે જોવાનું રહેશે.

૧૧. અત્રેથી વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ ધ્યાને લઈ સમયસર કામગીરી કરવાની રહેશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત, પાટણ

નકલ રવાનાઃ

– તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તા. તમામ જિ.પાટણ તરફ જાણ વ શાળામાં અમલ થાય તે જોવા સારૂ.
– બી.આર.સી.કો.ઓર્ડિનેટર્સ, તા. તમામ જિ.પાટણ તરફ જાણ વ શાળામાં અમલ થાય તે જોવા સારૂ.
– સી.આર.સી.કો.ઓર્ડિનેટર્સ, તા. તમામ જિ.પાટણ તરફ જાણ વ શાળામાં અમલ થાય તે જોવા સારૂ.
(શાળાઓને નકલ પહોંચાડવી)